3 ફા.૨૧૨૧

નિગમ ખાતેના બિન સરકારી અધ્યક્ષશ્રી/ ઉપાધ્યક્ષશ્રીએ રાજય બહારના પ્રવાસ દરમ્યાન સરકારી વાહન (ગાડી)નો ઉપયોગ કરવા અંગે.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
પરિપત્ર ક્રમાંક: સશપ/૧૩૨૦૧૮/૪૫૩૧૨/અ
સચિવાલય, ગાંધીનગર
તા. /૦૯/૨૦૧૮
17 SEP 2018

પરિપત્ર:

અનુભવે એવુ જણાયેલ છે કે વિભાગ હેઠળના બોર્ડ/નિગમ/આયોગ ખાતેના બિન સરકારી અધ્યક્ષશ્રી/ ઉપાધ્યક્ષશ્રી દ્વારા વહીવટી વિભાગની પૂર્વ મંજૂરી મેળવ્યા સિવાય રાજય બહારના પ્રવાસ દરમ્યાન સરકારી વાહન (ગાડી) નો ઉપયોગ કરવામાં આવે છે.

વિભાગ હેઠળના તમામ બોર્ડ/નિગમ/આયોગ ખાતેના બિન સરકારી અધ્યક્ષ/ઉપાધ્યક્ષએ રાજય બહારના પ્રવાસ દરમ્યાન સરકારી વાહન (ગાડી)નો ઉપયોગ કરવો નહીં. અત્યંત જરૂરી હોય તો વહીવટી વિભાગની પૂર્વ મંજૂરી મેળવ્યા બાદ જ સરકારી વાહન (ગાડી)નો ઉપયોગ કરવાનો રહેશે. બોર્ડ/નિગમ/આયોગના મેનેજીંગ ડિરેકટરશ્રી/સભ્ય સચિવએ નિગમના બિન સરકારી અધ્યક્ષશ્રી/ઉપાધ્યક્ષશ્રીઓની રાજય બહારના પ્રવાસ દરમ્યાન સરકારી વાહન (ગાડી)નો ઉપયોગ કરવા અંગેની જરૂરી પૂર્વ મંજૂરી મેળવી લેવાની રહેશે.

ઉપર્યુકત બાબતનું ચુસ્ત રીતે પાલન કરવામાં બોર્ડ/નિગમ/આયોગ દ્વારા કોઇપણ જાતની બેદરકારી દાખવવામાં આવશે તો તે અંગેની તમામ જવાબદારી જે તે બોર્ડ/નિગમ/આયોગની તેમજ વિશેષ કરીને મેનેજીંગ ડિરેકટર/કચેરીના વડા/સભ્ય સચિવની રહેશે.

આ પરિપત્ર આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર અગ્ર સચિવશ્રી (સા.ન્યા.) ની તા.૨૭/૦૭/૨૦૧૮ની નોંધ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એસ.જે.પરમાર)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- મેનેજીંગ ડિરેકટરશ્રી, ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ, ગાંધીનગર.
- મેનેજીંગ ડિરેકટરશ્રી, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ,ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડિરેકટરશ્રી, ગુજરાત વિચરતી અને વિમુકત જાતિ વિકાસ નિગમ,ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
- મેનેજીંગ ડિરેકટરશ્રી, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ,ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

- મેનેજીંગ ડિરેકટરશ્રી, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ,ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડિરેકટરશ્રી, ગુજરાત બિન અનામત વર્ગ શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, ગાંધીનગર.
- સભ્ય સચિવશ્રી, ગુજરાત રાજય બિન અનામત વર્ગોનું આયોગ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડિરેકટરશ્રી, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગર.
- મેનેજીંગ ડિરેકટરશ્રી, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર.
- મેનેજીંગ ડિરેકટરશ્રી, ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, વિકલાંગ વ્યક્તિઓ માટેના, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- ચેરપર્સનશ્રી, ગુજરાત રાજય બાળ અધિકાર સંરક્ષણ આયોગ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (અ.જા.ક.), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (સ.સુ.), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી(કોમ્પ્યુટર સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ના.સે.અધિ.શ્રીની સિલેકટ ફાઇલ
- શાખા સિલેકટ ફાઇલ.